# પરિપત્ર

આથી સર્વે પ્રાધ્યાપકશ્રી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી અને કચેરીના વડાશ્રીને જણાવવાનું કે, કૃષિ મહોત્સવ–૨૦૧૪ અન્વયે કૃષિ રથ સાથે માર્ગદર્શન અર્થે જવા માટે તાલુકા નોડલ વૈજ્ઞાનિકશ્રી અને તાલુકા મદદનીશશ્રીના કાર્યાલય આદેશ અત્રેની કચેરી દ્વારા બહાર પાડવામાં આવનાર છે. કૃષિ મહોત્સવ અંતર્ગત બજાવવાની થતી કામગીરીમાં સર્વે અધિકારી/ કર્મચારીની અનુકૂળતા/ પ્રતિકૂળતાને ધ્યાને લઈ શંકય હોય તેટલી યોગ્ય વ્યવસ્થા કરવાનો પ્રયત્ન કરેલ છે. ઘણાની મુકિત આપવા સબબની પણ રજૂઆતો આવી છે. આ અંગે સર્વેને જણાવવાનું કે, કુલ ૩૦૦ થી વધુ પ્રાધ્યાપકો, સહ પ્રાધ્યાપકો, મદદનીશ પ્રાધ્યાપકો તથા ખેતીવાડી અધિકારીની સેવાઓ ફાળવવાની થતી હતી. ઉપલબ્ધ અધિકારી/ કર્મચારીની સંખ્યા જોતા જરૂરીયાત મુજબના વૈજ્ઞાનિકો / કર્મચારીઓ ફાળવવા મુશ્કેલ બનતા કોઈક સ્થળે ખેતી નિરીક્ષક કે ખેતી મદદનીશની પણ નિમણૂંક કરવી પડી છે. તેથી હવે કૃષિ મહોત્સવની ફરજમાંથી મુકિત કે અન્ય ફેરફાર કરવા અશકય હોઈ કોંઈ કચેરીએ આ બાબતની રજૂઆતના પત્રો અમોને ન પાઠવવા આથી જણાવવામાં આવે છે. સંજોગોનુસાર કોઈ ફેરફાર અનિવાર્ય બને તો જિલ્લા નોડલ વૈજ્ઞાનિકશ્રી સાથે પરામર્શ કરી પોતાની રીતે વૈકલ્પિક વ્યવસ્થા કરવી. અલબત્ત, કૃષિ રથ ગામડામાં જાય ત્યારે આપણા વૈજ્ઞાનિકો સાથે હોવા જરૂરી છે, જેની કાળજી લેવા જણાવવામાં આવે છે.

(એ.એમ. પારખીયા)
વિસ્તરણ શિક્ષણ નિયામક
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

જા.નં. જૂકૃયુ/વિશિનિ/ટેક–૨/કૃ.મ.૧૪/ટીમ/ 3088-3160 /૧૪   જૂનાગઢ, તા.13/૦૫/૨૦૧૪

**નકલ જયભારત સાથ રવાના:**

૧. સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૨. સર્વે સંશોધન વૈજ્ઞાનિકશ્રી/ પ્રાધ્યાપકશ્રી/ કચેરીના વડાશ્રીઓ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.
૩. સર્વે જિલ્લા નોડલ વૈજ્ઞાનિકશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી થવા સારૂ.
૪. નિયામકશ્રી, આઈ.ટી. સેલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ ઈ–મેઈલ થવા સારૂ.
૫. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ